# માંગરોલની જી.એમ. પટેલ મદ્રેસા પ્રાથમિક શાળામાં વેશ ભૂષા અને અભિનય ગીત સ્પર્ધા યોજાઈ.

માંગરોલ ખાતે આવેલી જી.એમ. પટેલ મદ્રેસા પ્રાથમિક શાળામાં શિશુ ૧-૨ અને ધો ૧ થી ૩નાં વિદ્યાર્થીઓ માટે વેશ ભૂષા અને અભિનય ગીતની સ્પર્ધાનું આયોજન શાળાનાં સેન્ટ્રલ હોલમાં કરવામાં આવ્યુ હતું જેમાં ૬૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા દરમિયાન બાળકોએ શિક્ષક, ફળવાળો, શાકભાજીવાળો, ડોકટર, કૃષ્ણ, ક્રિકેટર, ભિખારી, મૌલાના, સૈનિક, જોકર, ગોવાળ, પોલિસ, રાણી લક્ષ્મીબાઈ, દૂધ વાળી, નરેન્દ્ર મોદી, પરી, વગેરે જેવા અનેક પાત્રો વેશ ભૂષા અને અભિનય સાથે સુંદર રીતે ભજવ્યા હતા. સફળ થનાર અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સર્વશ્રી ઈસ્માઈલભાઈ પટેલ, મોહંમદભાઈ રાવત, ઈસ્માઈલભાઈ વકીલ, મોહંમદભાઈ પાંડોર, સઈદભાઈ લીલગર, નજમુન્નીસાબેન ઉધરાતદાર, પ્રતિભાબેન વાસંદીયા, સગુફ્તાબેન શેખ, આબેદાબેન બોબાત અને વાલીઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નિર્ણાયક તરીકે સલીમભાઈ પટેલ અને હવાબેન કાઝીએ સેવા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સલીમભાઈ પાંડોરએ કર્યું હતું અને આભાર વિધી શાહીનબેન રાવતએ આટોપી હતી.

પ્રા વાસંદીયા

આચાર્ય

ગુ. મ. પ. મ. પ્રા. શાળા

મોટામિયાં માંગરોળ, જિ.સુરત.